


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 135
Dt.: 22-03-2026, Sunday
Page:04
Rs.00.50 paisa


# અમેરીકાએ ઈરાનના ઓઈલ પરનો પ્રતિબંધ હટાવ્યો: યુદ્ધ વચ્ચે યુએસની મોટી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલા બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગેસની સપ્લાય પણ ખોરવાઈ છે. જેના કારણે અનેક દેશો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે હવે અમેરિકાએ ઈરાનના ઓઈલ પર લાગેલો પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરી છે. જેનો અર્થ છે કે હવે દુનિયાના દેશો ઈરાન પાસેથી ઓઈલ ખરીદી શકશે.

અમેરિકાનું નાણા મંત્રાલય ઈરાનના ઓઈલ પર લાગેલા પ્રતિબંધોને અસ્થાયી રૂપે હટાવી રહ્યું છે. અત્યારે સમુદ્રમાં (જહાજોમાં) જે ઓઈલ છે, તેને મોટાભાગના દેશોને વેચવાની મંજૂરી આપવામાં આવી રહી છે. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ‘ઠ’ પર જણાવ્યું છે કે, આ ટૂંકાગાળાની મંજૂરીથી લગભગ ૧૪ કરોડ બેરલ તેલ વૈશ્વિક બજારોમાં આવી શકશે. બેસેન્ટે સ્પષ્ટતા કરી હતી કે, આ મંજૂરી માત્ર તે ઓઈલ સુધી મર્યાદિત છે જે પહેલેથી જ રસ્તામાં (સમુદ્રમાં) છે અને નવી ખરીદી કે ઉત્પાદનની કોઈ મંજૂરી આપવામાં





આવી નથી. અમે ઓઈલની કિંમતો ઓછી રાખવા માટે ઈરાનના બેરલનો ઉપયોગ તેની વિરુદ્ધ જ કરીશું. યુદ્ધ શરૂ થયા પછી અને મિડલ ઈસ્ટમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈરાની હુમલાઓ બાદ તેલ અને ગેસની કિંમતોમાં ઝડપથી વધારો થયો છે. ક્રૂડ ઓઈલની કિંમત લગભગ ૧૧૨ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં કુલ ૫૩% નો વધારો નોંધાયો છે.નોંધનીય છે કે અમેરિકાની આ જાહેરાત બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની અછત દૂર થવાની સાથે સાથે કિંમતો ઘટવાની શક્યતા છે. ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% થી વધુ તેલ આયાત કરે છે. આ નિર્ણયથી ભારતને બે રીતે ફાયદો થઈ શકે છે. જો ક્રૂડ ઓઈલના ભાવ ઘટીને ૯૦-૯૫ ડોલરની આસપાસ આવે, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા અટકશે. તેલ સસ્તું થવાથી ભારતનું વિદેશી મુદ્રા ભંડાર બચશે અને ડોલર સામે રૂપિયો મજબૂત થશે.અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલા બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ ચાલી રહ્યું છે.

યુદ્ધના ૨૧માં દિવસે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચોંકાવનારો ‘એક્ઝિટ પ્લાન’ આપ્યો છે. જે બાદ હવે અમેરિકા સીઝફાયર માટે રાજી થાય તેવી અટકળોને વેગ મળ્યો છે.

ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાના જે સૈન્ય ઉદ્દેશ્યો હતા, તે હવે પૂર્ણ થવાના આરે છે. જે બાદ હવે અમેરિકા સૈન્ય કાર્યવાહી ધીમે ધીમે ઓછી કરવાની તૈયારી કરી રહ્યું છે. ટ્રમ્પ પોતાની ઉપલબ્ધિઓને જીત માની રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમે ઈરાનની મિસાઈલ ક્ષમતા, સંરક્ષણ ઉદ્યોગ, નૌસેના અને વાયુસેના સંપૂર્ણપણે નષ્ટ કરી નાંખી. અમે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર બનાવવા દઈશું નહીં. અમે ઈઝરાયલની સાથે સાથે સાઉદી અરેબિયા, કતાર, યુએઈ, બહેરીન અને કુવૈતની પણ રક્ષા કરી અને આગળ પણ કરતાં રહીશું. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે પણ અમેરિકાએ હાથ અધ્ધર કર્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. યુદ્ધના કારણે જ્યાં લાખો કરોડના ઓઈલ અને ગેસનો વેપાર ઠપ થઈ ગયો છે. ત્યાં હવે ટ્રમ્પ કહી રહ્યા છે કે જે દેશો હોર્મુઝ સ્ટ્રેટથી પોતાના જહાજો લઈ જતાં હોય તે ત્યાંની સુરક્ષા કરે. જરૂર પડે ત્યારે અમેરિકા મદદ કરશે. પણ સુરક્ષાની જવાબદારી તો તે દેશોની જ હોવી જોઈએ.

અમેરિકા ક્યારેય આ રસ્તાનો ઉપયોગ કરતું નથી. જે દેશો અહીંથી ઓઈલ લઈ જતાં હોય અને વેપાર કરતાં હોય તે આગળ આવે.

### સુપ્રીમ કોર્ટની લગ્નજીવનના વિવાદની સુનાવણી દરમિયાન મહત્વપૂર્ણ ટિપ્પણી

## કામવાળી સાથે લગ્ન નથી કર્યા, પતિએ પણ રસોઈમાં મદદ કરવી જોઈએ: સુપ્રીમ કોર્ટ

**ફેમિલી કોર્ટે શરૂઆતમાં પતિની તરફેણમાં છૂટાછેડાનો આદેશ આપ્યો હતો, પરંતુ હાઈકોર્ટે તે આદેશ રદ કર્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક લગ્નજીવનના વિવાદની સુનાવણી દરમિયાન આધુનિક સમાજમાં પતિ-પત્નીના બદલાતા સંબંધો અંગે એક અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ક્રૂરતાના આધારે છૂટાછેડાની માંગ કરતી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે, પત્ની દ્વારા રસોઈ બનાવવી કે ઘરકામ બરાબર ન કરી શકવા જેવા આક્ષેપોને ‘માનસિક ક્રૂરતા’નો આધાર બનાવી શકાય નહીં. કોર્ટે મૌખિક રીતે જણાવ્યું હતું કે સમય બદલાઈ ગયો છે અને આજના યુગમાં પતિએ પણ ઘરના કામકાજમાં મદદરૂપ થવું જોઈએ અને સહયોગ આપવો જોઈએ.સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંદીપ મહેતાએ આ બાબતે ટિપ્પણી કરતા કહ્યું કે, “તમે કોઈ નોકરાણી સાથે લગ્ન નથી કરી રહ્યા, તમે એક જીવનસાથી સાથે લગ્ન કરી રહ્યા છો.” આ સાથે જસ્ટિસ વિક્રમ નાથે ઉમેર્યુ હતું કે, પતિએ પણ રસોઈ બનાવવા અને કપડાં ધોવા જેવા કામોમાં મદદ કરવી પડશે, કારણ કે આજનો સમય અલગ છે. આ અગાઉ કોર્ટે બંને પક્ષોને મધ્યસ્થતા માટે મોકલ્યા હતા, પરંતુ તે પ્રયાસ સફળ રહ્યો ન હતો.ઉલ્લેખનીય છે કે, આ દંપતીએ વર્ષ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા અને તેમને ૮ વર્ષનો પુત્ર છે. અરજદાર પતિએ છૂટાછેડાની કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં તેણે આક્ષેપ લગાવ્યો હતો કે લગ્નના માત્ર એક અઠવાડિયા પછી જ પત્નીનું વર્તન બદલાઈ ગયું હતું. પતિના દાવા મુજબ, પત્નીએ તેના અને તેના માતા-પિતા વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને રસોઈ બનાવવાની ના પાડી દીધી હતી. બીજી તરફ, પત્નીએ દાવો કર્યો હતો કે તે બાળકના જન્મ માટે સાસરી પક્ષની સંમતિથી પિયર ગઈ હતી, પરંતુ પતિના પરિવારે ત્યાં હાજરી આપી નહોતી અને રોકડ તથા સોનાની માંગણી કરી હતી. ફેમિલી કોર્ટે શરૂઆતમાં પતિની તરફેણમાં છૂટાછેડાનો આદેશ આપ્યો હતો, પરંતુ હાઈકોર્ટે તે આદેશ રદ કર્યો હતો.

### તેલ-ગેસ ડેટા આપવો ફરજિયાત

## ઊર્જાસંકટ: આવશ્યક ચીજવસ્તુઓ ધારો અમલી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે સર્જાયેલી વૈશ્વિક ઊર્જા કટોકટી વચ્ચે સરકારે સરકારે આવશ્યક ચીજવસ્તુઓ ધારાનો અમલ કર્યો છે. આનાથી તમામ ઓઈલ અને ગેસ કંપનીઓ અને એજન્સીઓએ તેમના સ્ટોક અંગેની વિગતો સરકારને ફરજિયાત આપવી પડશે.પેટ્રોલિયમ પેદાશો અને કુદરતી ગેસના ઉત્પાદન, પ્રોસેસિંગ, રિફાઈનિંગ, સ્ટોરેજ, પરિવહન, આયાત, નિકાસ, માર્કેટિંગ, વિતરણ સાથે જોડાયેલા તમામ એકમોએ પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ને તેમનો લેટેસ્ટ ડેટા ફરજિયાત સબમિટ કરવો પડશે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ગઈકાલે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ 3 હેઠળ સરકારે એક ગેઝેટ નોટિફિકેશન જારી કર્યું હતું, જે મુજબ PPACને માહિતીના એકત્રીકરણ, સંકલન, જાળવણી અને વિશ્લેષણ માટે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરાઈ છે. PPACએ પેટ્રોલિયમ મંત્રાલયની ડેટા રાખતી એક એજન્સી છે. PPAC સામાન્ય રીતે તેલ અને ગેસ ક્ષેત્ર સંબંધિત ડેટાનું સંકલન કરે છે. પરંતુ આ નવા નોટિફિકેશ મુજબ તે રીયલ ટાઈમ ધોરણે વિગતવાર ડેટા માગી શકશે. આનાથી મંત્રાલયને આવશ્યકતાઓ અનુસાર ઈમર્જન્સી યોજના તૈયાર કરવામા મદદ મળશે. આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ 3 હેઠળ જારી કરાયેલા આ આદેશનું કોઈપણ ઉલ્લંઘન ફોજદારી ગુનો ગણવામાં આવે છે અને તેના માટે જેલની સજા પણ થઈ શકે છે.

ભારતની ઉર્જા સ્થિતિ અંગેના દૈનિક અપડેટમાં સુજાતા શર્માએ ગુરુવારે જણાવ્યું હતું કે દેશમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો પૂરતો છે અને રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.

પેટ્રોલ પંપ રાબેતા મુજબ કાર્યરત છે. પેટ્રોલિયમ નેચરલ ગેસ (PNG) અને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG)નો 100 ટકા પુરવઠો ચાલુ છે. કોમર્શિયલ LPG (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ)ના વપરાશકર્તાઓને CGD (સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન) કંપનીઓ દ્વારા PNG તરફ જવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આવા કિસ્સામાં પ્રોત્સાહનો અપાઈ રહ્યાં છે અને અને ઝડપી જોડાણો પણ અપાઈ રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં બે અઠવાડિયામાં લગભગ 125,000 નવા ઘરેલુ અને કોમર્શિયલ પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શન (PNG) આપવામાં આવ્યા છે. છેલ્લાં ત્રણ દિવસમાં 5,600થી વધુ LPG ગ્રાહકો PNGમાં શિફ્ટ થયા છે.

### મુંબઈ એરલિફ્ટ કરાયા; અન્ય ૨ ગુમ

## માલદીવ્સમાં સ્પીડબોટ પલટતા રેમન્ડના MD ગૌતમ સિંઘાનિયા ઈજાગ્રસ્ત થયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)માલદીવ્સ

રેમન્ડ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર ગૌતમ સિંઘાનિયા માલદીવ્સમાં એક ભયાનક સ્પીડબોટ અકસ્માતનો ભોગ બન્યા છે. દરિયામાં બોટ પલટી જતાં સર્જાયેલી આ દુર્ઘટનામાં સિંઘાનિયા ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે એરલિફ્ટ કરીને મુંબઈ લાવવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, આ અકસ્માત સમયે તેમની સાથે જાણીતા રેલી ડ્રાઈવર હરિ સિંહ અને અન્ય એક મિત્ર પણ બોટ પર સવાર હતા, જેઓ હાલ ગુમ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ગૌતમ સિંઘાનિયાના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે તેમને સામાન્ય ઈજાઓ થઈ છે અને મુંબઈમાં તેમની યોગ્ય સારવાર ચાલી રહી છે, જ્યાં તેઓ અત્યારે સુરક્ષિત છે.ગૌતમ સિંઘાનિયા ભારતની પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ કંપની





‘રેમન્ડ લિમિટેડ’ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. બિઝનેસ સિવાય તેઓ કાર રેસિંગ, એવિએશન અને તેમની લક્ઝરી લાઈફસ્ટાઈલ માટે જાણીતા છે. વર્ષ 2000માં રેમન્ડ ગ્રુપની કમાન સંભાળ્યા બાદ તેમણે આ બ્રાન્ડને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે. ‘The Complete Man’ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ ઈમેજ પાછળ તેમનું મોટું યોગદાન રહ્યું છે. ઉદ્યોગ જગતમાં તેમની એક આગવી વ્યૂહનીતિ રહી છે, જેના કારણે રેમન્ડ આજે માત્ર સુટિંગ-શર્ટિંગ પૂરતું મર્યાદિત ન રહીને એક ગ્લોબલ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ બની ગયું છે.ગૌતમ સિંઘાનિયા છેલ્લા કેટલાક સમયથી તેમના વ્યવસાય ઉપરાંત અંગત જીવનમાં આવેલા ઉતાર-ચઢાવને કારણે પણ સતત ચર્ચામાં રહ્યા છે. ખાસ કરીને પત્ની નવાઝ મોદી સાથેના છૂટાછેડાના વિવાદ અને પારિવારિક મિલકતને લઈને ચાલી રહેલી કાનૂની લડાઈના કારણે ખૂબ ચર્ચાઓ ભારે ધ્યાન ખેંચ્યું હતું. હાલમાં, માલદીવ્સમાં સર્જાયેલા આ સ્પીડબોટ અકસ્માતના સમાચાર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર બિઝનેસ જગત અને તેમના પ્રશંસકો ચિંતામાં છે અને તેઓ ગૌતમ સિંઘાનિયાના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના કરી રહ્યા છે. બીજી તરફ, દરિયામાં બનેલી આ ઘટનામાં ગુમ થયેલા અન્ય લોકોની શોધખોળ હજુ ચાલુ છે અને આ અંગે વધુ સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.






### ઈરાને યુદ્ધમાં ઈન્ટરસેપ્ટ કરેલું

## અમેરિકન ફાઈટર જેટ F-35 ભારત ક્યારેય નહીં ખરીદે?

**ઈરાનની ડિફેન્સ સિસ્ટમ સામે દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા પણ નબળો પડી રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન ફિફ્થ જેનરેશન ફાઈટર જેટ F-35 તેની ખરાબ ટેક્નોલોજીના કારણે ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. હાલમાં ઈરાન યુદ્ધમાં અમેરિકાના 16 ફાઈટર જેટ નષ્ટ થઈ ચૂક્યા છે. ઘણા રિપોર્ટમાં તો આ ફાઈટર જેટની સંખ્યા 20 બતાવવામાં આવી રહી છે. જેથી એવું સાબિત થઈ રહ્યું છે કે, ઈરાનની ડિફેન્સ સિસ્ટમ સામે દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા પણ નબળો પડી રહ્યો છે.નોંધનીય છે કે, ગયા વર્ષે જૂનમાં બ્રિટિશ નેવીના F-35B ફાઈટર વિમાનનું કેરળમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.બ્રિટને અમેરિકા પાસેથી F-35 વિમાન ખરીદ્યું હતું. પણ છેલ્લા 8 વર્ષમાં આ ફાઈટર જેટની ક્રેશ અથવા અકસ્માત થવાની ડઝનેક ઘટનાઓ સામે આવી ચૂકી છે.

ઈઝરાયેલ-US સાથે ચાલી રહેલા યુદ્ધમાં ઈરાન દ્વારા સ્ટિલ્થ ફાઈટર જેટ F-35ને ઈન્ટરસેપ્ટ કરવામાં આવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે આ એ જ F-35 ફાઈટર જેટ છે જેને ભારતને વેચવા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી પ્રયત્નો કરી રહ્યા છે, પરંતુ ભારતે હજી સુધી તેમાં રસ દાખવ્યો નથી. એટલું જ નહીં, જો ભારતે F-35ની સાથે જોડાયેલી ઘટનાઓનું મૂલ્યાંકન કર્યુ હશે તો તે અમેરિકા સાથે આ ડીલમાં આગળ નહીં વધે. સતત નબળા પ્રદર્શનને કારણે એક્સપર્ટ F-35ની સરખામણી ચીનના ફાઈટર જેટ JF-17 સાથે પણ કરી રહ્યા છે.

કેટલાકનું માનવું છે કે, અમેરિકન જેટ ચીનના જેટ કરતા પણ ભંગાર છે.ઉલ્લેખનીય છે કે, ચીને પણ ફિફ્થ જેનરેશનનું લડાકૂ વિમાન વિકસાવી લીધું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ચીન પાકિસ્તાનને આ વિમાન વેચી શકે છે. આ રેસમાં અમેરિકાનું F-35 અને રશિયાનું Su-57 પણ શામેલ છે. તેથી ભારતને પણ ફિફ્થ જેનરેશનના ફાઈટર જેટની જરૂર છે.ભારતીય સુરક્ષા નિષ્ણાતો મુજબ આમાં સૌથી મહત્વનો મુદ્દો ટેક્નોલોજી ટ્રાન્સફર અને હથિયાર ઈન્ટિગ્રેશનનો છે, પરંતુ F-35ની સ્ટેલ્થ અને હાર્ડવેર ખામીઓ સામે આવતા શું ખરેખર તે સ્ટેલ્થ ફાઈટર જેટ છે? અને જો તે સ્ટેલ્થ ફાઈટર જેટ છે તો ઈરાને કેવી રીતે તેને ઈન્ટરસેપ્ટ કર્યુ ? આવા ઘણા પ્રશ્નો છે જે F-35ની ક્ષમતાઓ પર શંકા ઉભી કરી રહ્યા છે. એટલે જ કદાચ ભારત અમેરિકન ફાઈટર જેટ F-35ની ખરીદી મામલે સાવચેતી દાખવી રહ્યું છે.

# તંત્રી લેખ......

## ગેસ કટોકટીની સાથે તેલ સંકટ પણ વધુ ઘેરું બની રહ્યું છે

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષ વચ્ચે ભારતને જે રીતે પ્રીમિયમ પેટ્રોલ અને ઔદ્યોગિક ડીઝલના ભાવમાં વધારો કરવો પડ્યો છે તે દર્શાવે છે કે ગેસ કટોકટીની સાથે તેલ સંકટ પણ વધુ ઘેરું બની રહ્યું છે. આ ચિંતાજનક પરિસ્થિતિ છે. એ વાત સાચી છે કે પેટ્રોલ અને ડીઝલના સામાન્ય ભાવ યથાવત રહે છે, પરંતુ જો ખાડી દેશોમાંથી તેલ અને ગેસનો પુરવઠો ખોરવાતો રહેશે, તો ઉર્જા સંકટ વધુ ગંભીર બની શકે છે. આનાથી માત્ર સામાન્ય લોકો જ નહીં, પણ વ્યવસાય અને ઉદ્યોગ ક્ષેત્રો પણ પ્રભાવિત થશે. પરિણામે, ફુગાવો વધશે અને રોજગારી જોખમમાં મુકાશે. આ કટોકટી ફક્ત ભારત પૂરતી મર્યાદિત નથી. આ એક વૈશ્વિક કટોકટી છે, અને તેથી, ભારત, અન્ય દેશો સાથે મળીને, પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ઝડપથી પગલાં લે તે જરૂરી છે. આ માટે એક તરફ યુનાઈટેડ સ્ટેટ્સ પર અને બીજી તરફ ઈરાન પર દબાણ લાવવાની જરૂર પડશે, જે હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરી રહ્યું છે, જે દરિયાઈ માર્ગ છે જેના દ્વારા ગલ્ફ દેશો તેલ અને ગેસ સપ્લાય કરે છે.

આ કટોકટી ફક્ત ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરવા વિશે નથી, પરંતુ ઈરાન દ્વારા ગલ્ફ દેશોમાં યુએસ લશ્કરી થાણાઓ અને નાગરિક વિસ્તારો તેમજ ઉર્જા સ્ત્રોતો પર હુમલો કરીને બદલો લેવા વિશે પણ છે. આનાથી તેલ અને ગેસ ઉત્પાદન પર અસર પડી છે, જેના કારણે આ ક્ષેત્રમાંથી ઉર્જા પુરવઠો વધુ મુશ્કેલ બન્યો છે. આ જોતાં, આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનમાં ઘણા દેશો દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવમાં ભારતે ભાગ લીધો તે પૂરતું નથી, જેનો ઉદ્દેશ્ય હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ઈરાન પર દબાણ લાવવાનો છે.

આ સંગઠનના એક પ્રતિષ્ઠિત સભ્ય તરીકે, ભારતે આ પ્રસ્તાવના સકારાત્મક પરિણામો મળે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો જરૂરી છે. આ મુદ્દો રાષ્ટ્રીય અને વૈશ્વિક આર્થિક હિતો બંને સાથે સંકળાયેલો હોવાથી, ભારતે એ પણ વિચારવું જોઈએ કે શું સંબંધિત દેશો સંયુક્ત રીતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ અને ગેસ ટેન્કરોના સુરક્ષિત માર્ગને સુનિશ્ચિત કરવા માટે તેમની નૌકાદળનો ઉપયોગ કરી શકે છે.

આ સંયુક્ત નૌકાદળ હસ્તક્ષેપને ભારત અને અન્ય દેશો યુએસ-ઈઝરાયલ-ઈરાન યુદ્ધમાં કોઈપણ પક્ષને ટેકો આપતા અથવા વિરોધ કરતા હોવાનું અર્થઘટન ન કરવું જોઈએ. આ હસ્તક્ષેપનો એકમાત્ર હેતુ વૈશ્વિક આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે દરિયાઈ પરિવહન માટે હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત કરવાનો હોવો જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદો આવા હકારાત્મક હસ્તક્ષેપને મંજૂરી આપે છે, તેથી ભારતે તેની શક્યતાઓ શોધવી જોઈએ.

વિશેષ લેખ : ૨૨ માર્ચ- વિશ્વ જળ દિવસ

# જીવનદાયિની નર્મદા : સરદાર સરોવર ડેમ ગુજરાતની જળસુરક્ષા અને વિકાસનો આધાર

પાણી કુદરતની સૌથી અમૂલ્ય ભેટ છે. માનવ જીવન, ખેતી, ઉદ્યોગ, પર્યાવરણ અને સમગ્ર જીવનચક્ર માટે પાણી અનિવાર્ય છે. છતાં વિશ્વભરમાં પાણીની અછત, વધતી વસ્તી અને આબોહવા પરિવર્તન જેવી સમસ્યાઓને કારણે પાણીનું સંવર્ધન અને સંચાલન આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. આ જ મહત્વને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસ **(World Water Day)** ઉજવવામાં આવે છે. આ દિવસ વિશ્વને યાદ અપાવે છે કે, પાણીનો સંયમપૂર્વક ઉપયોગ અને જળસંસાધનોનું સંરક્ષણ માનવજાતના ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે.



ગુજરાત માટે પાણીનું મહત્વ વિશેષ છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં વર્ષો સુધી પાણીની તંગી અને દુષ્કાળની સમસ્યા જોવા મળતી હતી. પરંતુ નર્મદા નદી પર નિર્મિત સરદાર સરોવર નર્મદા ડેમ ગુજરાતના પાણી સંચાલનના ઈતિહાસમાં એક ક્રાંતિકારી પગલું સાબિત થયો છે. આ પ્રોજેક્ટે રાજ્યના કૃષિ, પીવાના પાણી, ઊર્જા અને પર્યટન જેવા અનેક ક્ષેત્રોમાં વિકાસની નવી દિશા આપી છે.

ગુજરાતની જીવાદોરી : નર્મદા ડેમ

નર્મદા નદી ભારતની સૌથી મહત્વપૂર્ણ નદીઓમાંની એક છે, જે મધ્યપ્રદેશના અમરકંટકમાંથી ઉત્પન્ન થઈને મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી વહેતી અગળ વધી અરબી સમુદ્રમાં મળે છે. આ નદી પર નર્મદા જિલ્લાના (નવાગામ) એકતાનગર ખાતે નિર્મિત સરદાર સરોવર ડેમ દેશના સૌથી મોટા બહુહેતૂક જળસંચય પ્રોજેક્ટોમાંનો એક ગણાય છે.

ડેમની કુલ લંબાઈ લગભગ ૧,૨૧૦ મીટર અને સૌથી ઊંડા પાયા પરથી તેની ઊંચાઈ લગભગ ૧૬૩ મીટર છે. આ વિશાળ ડેમમાં અંદાજે ૪.૭૫ મિલિયન એકર ફૂટ પાણીની સંગ્રહ ક્ષમતા છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ પાણી સંગ્રહ, સિંચાઈ, પીવાનું પાણી, વીજ ઉત્પાદન, પૂર નિયંત્રણ અને પ્રદેશના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. તેથી જ સરદાર સરોવર પ્રોજેક્ટને ગુજરાતની જીવાદોરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

દુષ્કાળપ્રવણ વિસ્તારોમાં ખેતીને મળ્યો નવો આધાર

એક સમયે ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં પાણીની ભારે અછત હતી. વરસાદ પર નિર્ભર ખેતીને કારણે ખેડૂતોને વારંવાર નુકસાન ભોગવવું પડતું હતું. પરંતુ સરદાર સરોવર ડેમના કારણે આ પરિસ્થિતિમાં નોંધપાત્ર બદલાવ આવ્યો છે. પ્રોજેક્ટ દ્વારા આજે લગભગ ૧૭.૯૨ લાખ હેક્ટર ગુજરાતમાં અને ૨.૪૬ લાખ હેક્ટર રાજસ્થાનમાં

સિંચાઈ સુવિધાનો લાભ મળશે. આ સિંચાઈ સુવિધાના કારણે ખેડૂતોએ પરંપરાગત પાકો ઉપરાંત વિવિધ પાકોની ખેતી શરૂ કરી છે. ખાસ કરીને ઘઉં, કપાસ, જીરૂં, તલ, મગફળી, શાકભાજી અને ફળ પાકોની ખેતીમાં નોંધપાત્ર વધારો થયો છે. પરિણામે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો અને ખેડૂતોની આવકમાં પણ બમણી થઈ છે. અંદાજે ૧૩ લાખથી વધુ ખેડૂત પરિવારો આ સિંચાઈ વ્યવસ્થાનો સીધો લાભ લઈ રહ્યા છે, જે ગ્રામિણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થયું છે.

લાખો લોકો માટે પીવાનું પાણી

સરદાર સરોવર નર્મદા ડેમનો સૌથી મહત્વપૂર્ણ લાભ પીવાના પાણીની ઉપલબ્ધતા છે. આ પ્રોજેક્ટ દ્વારા ગુજરાતના લગભગ ૧૦૪૫૩ ગામો અને ૧૯૦ શહેરોને પીવાનું પાણી ઉપલબ્ધ થઈ રહ્યું છે. આ ઉપરાંત રાજસ્થાનના ૧,૩૩૬ ગામો અને ૩ શહેરોને પણ નર્મદાનું પાણી મળે છે. આ યોજનાથી અંદાજે ૩ કરોડથી વધુ લોકોને પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ બન્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં જ્યાં પાણી માટે મહિલાઓને દૂર સુધી ચાલવું પડતું હતું ત્યાં હવે પાઈપલાઈન દ્વારા ઘરો સુધી પાણી પહોંચાડવામાં આવે છે. આ કારણે આરોગ્ય અને સ્વચ્છતામાં પણ સુધારો થયો છે અને મહિલાઓના જીવનમાં નોંધપાત્ર સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

વિશ્વસ્તરની નહેર નેટવર્ક વ્યવસ્થા

સરદાર સરોવર પ્રોજેક્ટની સૌથી અનોખી વિશેષતા તેની વિશાળ નહેર વિતરણ પ્રણાલી છે. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૭૦ હજાર કિલોમીટરથી વધુ લાંબી નહેરનેટવર્ક બનાવવાની યોજના છે. તેમાં મુખ્ય નહેર, શાખા નહેર, ડિસ્ટ્રિબ્યુટરી અને માઈનર નહેરનો સમાવેશ થાય છે.

નર્મદા મુખ્ય નહેર લગભગ ૪૫૮ કિલોમીટર લાંબી છે અને વિશ્વની સૌથી મોટી લાઈનિંગવાળી સિંચાઈ નહેરોમાંની એક ગણાય છે. મુખ્ય નહેરમાંથી ૩૮ શાખાનહેર નીકળે છે, જેમાં મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ખાસ મહત્વ ધરાવે છે.

આ સમગ્ર નહેર વ્યવસ્થાથી પાણી રાજ્યના ૧૭ જિલ્લાઓ, ૭૭ તાલુકાઓ અને હજારો ગામો સુધી પહોંચાડવામાં આવે છે, જે જળસંચય અને જળવ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ છે.

વીજ ઉત્પાદન : ગ્રીન એનર્જી તરફનું મહત્વપૂર્ણ પગલું

સરદાર સરોવર ડેમ વીજ ઉત્પાદન માટે પણ મહત્વપૂર્ણ સ્ત્રોત છે. આ પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા લગભગ ૧૪૫૦ મેગાવોટ છે. **River Bed Power House** અને **Canal Head Power House** દ્વારા અત્યાર સુધીમાં ૬૯,૦૦૦ મિલિયન યુનિટથી વધુ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નર્મદા નહેર પર ૧૮નાના હાઈડ્રોપાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમની કુલ ક્ષમતા લગભગ ૮૫.૪૬ મેગાવોટ છે.

કેનાલ ટોપ અને કેનાલ બેંક પર ૩૫ મેગાવોટ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે પર્યાવરણમિત્ર ઊર્જા ઉત્પાદનનું ઉત્તમ ઉદાહરણ છે.

પર્યાવરણ સંરક્ષણ અને વન વિકાસ

સરદાર સરોવર પ્રોજેક્ટ માત્ર વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ડૂબમાં ગયેલા દરેક એક વૃક્ષ સામે ૬૭ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉપરાંત નર્મદા બેસિન વિસ્તારમાં મોટા પાયે વનઉછેર કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. શૂલપાણેશ્વર અભયારણ્યનો વિસ્તાર વધારીને લગભગ ૬૦૭ ચોરસ કિલોમીટર સુધી વિસ્તરવામાં આવ્યો છે, જે જૈવ વૈવિધ્યના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે.

પર્યટન વિકાસ અને રોજગાર સર્જન

સરદાર સરોવર ડેમ વિસ્તાર આજે દેશનું મહત્વપૂર્ણ પર્યટન કેન્દ્ર બની ગયું છે. અહીં આવેલું વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી દર વર્ષે લાખો પ્રવાસીઓને આકર્ષે છે. નર્મદા નદી, ડેમ અને આસપાસનું કુદરતી સૌંદર્ય મળીને આ વિસ્તારને આકર્ષક પર્યટન સ્થળ બનાવે છે. પર્યટન વિકાસના કારણે સ્થાનિક લોકો માટે રોજગારના નવા અવસર પણ ઉભા થયા છે.

વિશ્વ જળ દિવસનો સંદેશો

વિશ્વ જળ દિવસ આપણને યાદ અપાવે છે કે, પાણીનું દરેક ટીપું અમૂલ્ય છે. વધતી વસ્તી અને આબોહવા પરિવર્તનને કારણે પાણીના સંચાલન અને સંવર્ધનનું મહત્વ વધુ વધી રહ્યું છે. સરદાર સરોવર પ્રોજેક્ટ દર્શાવે છે કે જો કુદરતી સંસાધનોનો વૈજ્ઞાનિક અને સંયમપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે સમગ્ર સમાજના વિકાસ માટે આધાર બની શકે છે. પાણી બચાવવું, વરસાદી પાણીનું સંવર્ધન કરવું અને પર્યાવરણનું સંરક્ષણ કરવું દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

નર્મદા નદી અને સરદાર સરોવર પ્રોજેક્ટ ગુજરાતના વિકાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ છે. ખેતી, પીવાનું પાણી, વીજ ઉત્પાદન, પર્યટન અને પર્યાવરણ સંરક્ષણ, દરેક ક્ષેત્રમાં આ પ્રોજેક્ટે વિકાસને નવી દિશા આપી છે.

વિશ્વ જળ દિવસના અવસરે આપણે સૌએ પાણીના સંવર્ધન અને સંરક્ષણ માટે સંકલ્પ લેવો જોઈએ. કારણ કે "પાણી બચાવવું એટલે ભવિષ્ય બચાવવું." સરદાર સરોવર ડેમ આ સંદેશાનું જીવંત પ્રતિક બનીને ગુજરાતના વિકાસને સતત નવી શક્તિ પૂરી પાડે છે.

# ઈરાને ડિએગો ગાર્સિયા પર છોડી મિસાઈલ, રેન્જ જોઈ દુનિયા સ્તબ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે એક એવા સમાચાર સામે આવ્યા છે જેણે સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. વોલ સ્ટ્રીટ જર્નલ ના રિપોર્ટ અનુસાર, ઈરાને હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના સંયુક્ત સૈન્ય મથક ડિયેગો ગાર્સિયા પર બે મધ્યમ અંતરની મિસાઈલોથી હુમલો કર્યો છે. આ ઘટના બાદ વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે.રિપોર્ટ મુજબ, ઈરાન દ્વારા છોડવામાં આવેલી બંને મિસાઈલો અમેરિકી સૈન્ય અડ્ડાને ભેદવામાં નિષ્ફળ રહી છે અને બેઝને કોઈ નુકસાન થયું નથી. અમેરિકાએ આ મિસાઈલને રોકવા માટે પોતાના જંગી જહાજ પરથી જીસ-૩ ઈન્ટરસેપ્ટર લોન્ચ કર્યુ હતું. જોકે, ઈન્ટરસેપ્ટર મિસાઈલને હવામાં તોડી પાડવામાં સફળ રહ્યું કે નહીં તેની સ્પષ્ટતા થઈ નથી. ઈરાનથી ડિયેગો ગાર્સિયાનું અંતર અંદાજે ૪૧૧૮ કિલોમીટર છે.





ઈરાનની અત્યાર સુધીની જાણીતી મિસાઈલ ક્ષમતા આટલી લાંબી રેન્જની નથી, જે સૂચવે છે કે ઈરાને ગુપ્ત રીતે પોતાની સૈન્ય શક્તિમાં મોટો વધારો કર્યો છે.સામાન્ય રીતે ઈરાનની ગતિવિધિઓ અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (મિડલ ઈસ્ટ) હેઠળ આવતી હોય છે, પરંતુ ડિયેગો ગાર્સિયા યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડના વિસ્તારમાં આવે છે. આ હુમલાથી સાબિત થાય છે કે, હવે યુદ્ધનો વ્યાપ વધી રહ્યો છે અને ઈરાન સીધા અમેરિકાના વ્યૂહાત્મક સ્થળોને નિશાન બનાવી રહ્યું છે. આ હુમલા અંગે વ્હાઈટ હાઉસ કે બ્રિટનના સંરક્ષણ મંત્રાલય દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. આ ઘટનામાં ઈઝરાયલ કે અન્ય પડોશી દેશોની ભૂમિકા અથવા પ્રતિક્રિયા પર પણ દુનિયાની નજર રહેશે.ડિયેગો ગાર્સિયા એ હિંદ મહાસાગરમાં આવેલો એક નાનો ટાપુ છે, જે અમેરિકા અને બ્રિટન માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો છે. અહીંથી જ અમેરિકા એશિયા અને મિડલ ઈસ્ટ પર નજર રાખે છે અને બોમ્બર વિમાનોનું સંચાલન કરે છે.

સુરતથી ભરૂચ વચ્ચેનું ૧૫ કિલોમીટરનું અંતર ઘટશે

# ગુજરાતનો ગેમ ચેન્જર બનશે નવો કોસ્ટલ હાઈવે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ગુજરાતમાં વિકાસની ગાડી સડસડાટ દોડી રહી છે. આવામાં હાઈવેની દિશામાં ગુજરાતે હરણફાળ છલાંગ લગાવી છે. કારણ કે, હવે ગુજરાતમાં નવો કોસ્ટલ હાઈવે બનવા જઈ રહ્યો છે. ગુજરાતના આ કોસ્ટલ હાઈવેથી ભરૂચ અને સુરત શહેર વચ્ચેનું અંતર ૧૫ કિલોમીટર ઘટી જશે. આ શહેરના પોર્ટ એકબીજા સાથે જોડાવાથી દક્ષિણ ગુજરાતને મોટો ફાયદો થશે. સુરતના ઓલપાડના પારડી ઝાખરી ગામે કોસ્ટલ હાઈવેના કામનું બે દિવસ પહેલા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પૂર્વ મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું છે. આ હાઈવેથી સુરત અને ભરૂચ શહેરને લિંક કરવામાં આવશે. જેનાથી બંને શહેર વચ્ચેનું અતર ૧૫ કિલોમીટર જેટલું ઘટી જશે. આ બંને શહેર એકબીજા સાથે કનેક્ટ થશે.

પ્રોજેક્ટની વિશેષતા

ગુજરાતનો પ્રથમ કોસ્ટલ હાઈવે

૩૬૫ કરોડના ખર્ચે બનશે હાઈવે

સુરત અને ભરૂચના બંદરોને જોડશે

૧૮ કિલોમીટર લાંબો, ચાર લેનનો હાઈવે બનશે

કોસ્ટલ હાઈવેથી બંને શહેરો વચ્ચેનું અંતર ૧૫ કિલોમીટર ઘટી જશે

દક્ષિણ ગુજરાત માટે ગેમ ચેન્જર પ્રોજેક્ટ

દેશની આર્થિક રાજધાનીમાં મુંબઈ કોસ્ટલ રોડના કમાલ બાદ હવે ગુજરાતમાં કોસ્ટલ હાઈવે બનવા જઈ રહ્યો છે. આ કોસ્ટલ હાઈવેથી સુરત અને ભરૂચમાં સ્થિત પોર્ટને જોડવામાં આવશે. આ હાઈવેથી સુરતથી ભરૂચનું અંતર ૧૫ કિલોમીટર ઘટી જશે. અત્યારે ભરૂચથી સુરત વચ્ચેનું અંતર ૫૫ કિલોમીટર થાય છે. આ કોસ્ટલ હાઈવે લિંક થયા બાદ મુસાફરોને માત્ર ૪૦ કિલોમીટરનું અંતર કાપવું પડશે. ૧૮ કિલોમીટર લાંબા કોસ્ટલ હાઈવ લિંકને દક્ષિણ ગુજરાત માટે ગેમ ચેન્જર પ્રોજેક્ટ માનવામાં આવે છે. આ હાઈવેના નિર્માણ પર ૩૬૫ કરોડનો ખર્ચ કરવામા આવશે. સુરતના ઓલપાડ વિસ્તારમાં આવતા પારડી ઝાખરી ગામમાં આ હાઈવેના નિર્માણની ઔપચારિક શરૂઆત કરવામાં આવી છે. દેશના મોટા પોર્ટ (બંદર) માં સામેલ હજીરાથી ટ્રાફિક આ કોસ્ટલ હાઈવે પર ડાયવર્ટ થશે. આ પ્રોજેક્ટમાં ૧૮ કિલોમીટર લાંબો, ચાર લેનનો હાઈવે બનશે. જેનાથી રાજ્યના ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટને મોટો ફાયદો થશે. આ પ્રોજેક્ટમાં ૧૮ કિલોમીટર લાંબો, ચાર લેનનો હાઈવે બનશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના સૌતી મોટો તરતું કાર્ગો ટર્મિનલ ભરૂચથી ૫૦ કિલોમીટર પશ્ચિમ દહેજમાં સ્થિત છે. હાલ દાંડી અને કાંટિયાજાળની વચ્ચે લગભગ ૫૫ કિલોમીટરની સફર કાપવા માટે લગભગ દોઢ કલાકનો સમય લાગતો હતો. પરંતુ નવા કોસ્ટલ હાઈવેથી આ અંતર લગભગ ૩૬ કિલોમીટર ઘટી જશે. જેનાથી મુસાફરીનો સમય લગભગ ૩૦ મિનિટ સુધીનો સમય બચી જશે. જેનાથી બળતણની બચત થશે અને વાહનોની અવરજવર સરળ બનશે.

# વડોદરા શહેર પોલીસના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્દઘાટન કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

### પોલીસ ભવનમાં સાતમે માળે બનેલા આ સેન્ટરની શ્રી સંઘવી તથા ડીજીપીશ્રી કે. એલ. એન. રાવે કર્યું નિરીક્ષણ





વડોદરા શહેર પોલીસ કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અંતર્ગત નેત્રમ પ્રોજેક્ટ હેઠળ પોલીસ ભવનના સાતમા માળે સિટી લેવલનું આ આધુનિક સેન્ટર બનાવવામાં આવ્યું છે.

વડોદરા શહેરની મુલાકાતે આવેલા નાયબ મુખ્યમંત્રી સીધા પોલીસ ભવન ખાતે પહોંચ્યા હતા અને અહીં તેમને ડીજીપી શ્રી કે. એલ. એન. રાવ અને શહેર પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. શહેર પોલિસની એક ટૂકડી દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

બાદમાં આ મહાનુભાવો દ્વારા તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ વડોદરા શહેર પોલીસ દ્વારા આધુનિક ટેક્નોલોજીના વિનિમયથી ક્રાઈમ ડિટેક્શન, મહત્વના તહેવારોમાં બંદોબસ્ત, સંસાધનો અંગેની માહિતી પ્રસ્તુત કરી હતી.

તત્પશ્ચાત મહાનુભાવો દ્વારા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. અહીં સીસીટીવી કેમેરા થકી વડોદરા શહેરમાં સુરક્ષા - ટ્રાફિકની દ્રષ્ટિએ કેવી રીતે નજર રાખવામાં આવી રહી છે? તે બાબતોની રસપ્રદ જાણકારી શ્રી સંઘવીએ અત્રેથી મેળવી હતી. તેમણે સુરક્ષા પ્રણાલીમાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિઝીટ બૂકમાં પોતાની નોંધ લખી શહેર પોલીસ કમિશનરશ્રીએ સુપ્રત કરી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

# ઉમરેઠના બેચરી ગામની ઘટનાઃ પરિણીતાને મરવા મજબુર કરનાર ચાર વિરુદ્ધ ગુનો દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના બેચરી ગામે રહેતી એક પરિણીતાને પતિ, સાસુ-સસરા અને કાકા સસરાએ ભેગા મળીને માત્ર ૧૧ મહિનાના લગ્નગાળા દરમ્યાન અવારનવાર કોઈને કોઈ બહાને શારીરિક માનસિક ત્રાસ આપતાં હતા. જેથી પરિણીતાએ ત્રણ દિવસ અગાઉ પોતાના ઘરે બીજા માળે પતરાંના શેડની લોખંડની એંગલમાં સાડી ભરાવી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બનાવમાં ઉમરેઠ પોલીસે મરનાર પરિણીતાના પિતાની ફરિયાદના આધારે પતિ સહિત ચાર વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નિસરાયા ગામે નવા ઘરાં વિસ્તારમાં રહેતા ફુલાભાઈ નારસિંહ રાજ ની ૨૧ વર્ષીય દીકરી મનીષાબેનના લગ્ન ૧૧ માસ અગાઉ ઉમરેઠ તાલુકાના બેચરી ગામે ઈન્દીરા નગરી વિસ્તારમાં રહેતા ભરતસિંહ ફતેસિંહ ગોહેલ સાથે કરવામાં આવ્યા હતા.

શરૂઆતમાં થોડા સમય લગ્નજીવન સુખરૂપ ચાલ્યુંહતું. લગ્નના થોડા જ દિવસો બાદથી પરિણીતા મનીષાબેનને તેઓના પતિ ભરતસિંહ ફતેસિંહ ગોહેલ, સસરા ફતેસિંહ મહેન્દ્રસિંહ ગોહેલ, સાસુ રમીલાબેન ફતેસિંહ ગોહેલ અને કાકા સસરા લાલભાઈ મહેન્દ્રસિંહ ગોહેલ ભેગા મળીને અવારનવાર કોઈને કોઈ બહાને શારીરિક માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા. મનીષાબેન છેલ્લા ૧૧ માસથી પોતાનું લગ્ન જીવન બચાવવા માટે ત્રાસ સહન કરતા હતા. પરંતુ પતિ તેમજ સાસુ-સસરા અને કાકા સસરા દ્વારા કોઈને કોઈ રીતે ત્રાસ આપવાનું ચાલુ જ રાખવામાં આવ્યું હતું.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

સ્વસ્થ અને તંદુરસ્ત ભાવિ માટે મિલેટને માત્ર આહાર નહીં, પણ જીવનશૈલી બનાવીએ: પૂર્વ સહકાર રાજ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા

# અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે 'મિલેટ મહોત્સવ-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ: 'શ્રી અન્ન' દ્વારા તંદુરસ્ત ગુજરાતનો સંકલ્પ

## રાસાયણિક ખેતી સામે 'શ્રી અન્ન' એક મજબૂત વિકલ્પ: ગુજરાતમાં ૮ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા: કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી





અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ પૂર્વ સહકાર રાજ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે રાજ્યકક્ષાના 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૃષિ અને પશુપાલન રાજ્યમંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિડિયો સંદેશ દ્વારા સૌને મિલેટ મહોત્સવના પ્રારંભે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે રાજ્યના સૌ નાગરિકોને 'શ્રી અન્ન'નો ઉપયોગ વધારીને તંદુરસ્ત ગુજરાતના નિર્માણમાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે 'મિલેટ' એ માત્ર આહાર નથી, પરંતુ તંદુરસ્ત જીવનશૈલી અને ખેડૂતોની સમૃદ્ધિનું પ્રતીક છે. તે શરીર માટે અત્યંત ગુણકારી અને પચવામાં હળવા હોય છે. દેશના સૌ નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'શ્રી અન્ન' (મિલેટ) અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાં યોજાઈ રહેલાં મિલેટ મહોત્સવ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં પણ આ અભિયાનને વેગ આપવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. જેના ભાગરૂપે રાજ્યનાં ૧૭ મહાનગરોમાં આ મહોત્સવ યોજાઈ રહ્યો છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું. આ મહોત્સવ દ્વારા બાજરી, જુવાર, રાગી, નાગલી, કાન અને મોરૈયા જેવા પોષક તત્ત્વોથી ભરપૂર 'શ્રી અન્ન'નો ખોરાકમાં ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા વ્યક્ત કરતાં કૃષિમંત્રીએ કહ્યું કે રાસાયણિક ખેતી અને ઝેરયુક્ત અનાજના કારણે રોગોનું પ્રમાણ વધ્યું છે. જેની સામે શ્રી અન્ન-મિલેટ્સ આરોગ્ય માટે ઉત્તમ છે અને તે ડાયાબિટીસ તેમજ કેન્સર જેવા ગંભીર રોગો સામે રક્ષણ આપી શકે છે.

તેમણે જણાવ્યું કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પોતાનો મોટા ભાગનો સમય પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે આપી રહ્યા છે. તેમણે ગૌરવભેર જણાવ્યું હતું કે આજે ૮ લાખથી પણ વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા કુલ આશરે ૨૦ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે. મિલેટ ઓછા પાણી અને ઓછા ખાતરમાં પણ ઉત્તમ ઉત્પાદન આપે છે, જે ક્લાયમેટ ચેન્જ સામે પણ લડવામાં મદદરૂપ થાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. મિલેટ ડેવલપમેન્ટ યોજના હેઠળ વેલ્યૂ એડિશન અને પ્રોસેસિંગ યુનિટ માટે આર્થિક સહાયની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ૭૦૦થી વધુ મિલેટ સ્ટોલ્સ અને પ્રદર્શનો દ્વારા ખેડૂતોને સીધું માર્કેટ પૂરું પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે પૂર્વ સહકાર રાજ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિલેટ વર્ષ ઉજવણીની શરૂઆત કરાવી મિલેટ્સને ભારત પૂરતું સીમિત ન રાખી, દેશ-વિદેશ સુધી પહોંચાડ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૮૨૦ના સમિટમાં પણ વિદેશના પ્રતિનિધિઓને મિલેટ્સની વાનગી પીરસવામાં આવી હતી.મિલેટ મહોત્સવની સફળતા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે ગયા વર્ષે પાંચ લાખથી પણ વધુ લોકોએ મિલેટ મહોત્સવ અને સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. વધુમાં, તેમણે મિલેટ્સમાં આવતા જુવાર, બાજરી અને રાગી સહિતના જાડા અનાજના ફાયદાઓ અને ગુણો સમજાવ્યા હતા. આ પ્રકારના અનાજથી શરીરમાં પૂરતું ન્યુટ્રિશન મળી રહે છે અને રાગીથી હાડકા મજબૂત થાય છે તેવું તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે આ પ્રકારના મિલેટ્સ મહોત્સવ થકી આગામી પેઢીને સ્વસ્થ જીવન આપવાનું સરકારનું લક્ષ્ય છે. ખેડૂતોની આવક બમણી કરવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે ત્યારે મિલેટ્સ મહોત્સવ થકી તેમાં આવતી પ્રોડક્ટ્સના ભાવ સારા મળતા થયા છે તેમ તેમણે ઉમેર્યું હતું. ભવિષ્યમાં સ્વસ્થ અને નિરોગી રહેવા માટે તેમજ દવાઓથી બચવા માટે મિલેટ્સ તરફ વળવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, કૃષિ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં ROB નિર્માણ માટે ગ્રાઉન્ડ સર્વે, કનેક્ટિવિટી સુધારાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અને મહેસાણા મહાનગરપાલિકા દ્વારા મુસાફરો તથા સામાન્ય નાગરિકોની સુવિધા તેમજ સુરક્ષિત અને સુગમ અવરજવર સુનિશ્ચિત કરવા માટે મહેસાણા શહેરમાં પ્રસ્તાવિત રોડ ઓવર બ્રિજ (આરઓબી)ના નિર્માણ માટે આજે વિગતવાર ગ્રાઉન્ડ સર્વે કરવામાં આવ્યો.

આ પ્રસ્તાવિત આરઓબી ઓલ્ડ વિસનગર રોડને ઓલ્ડ પાટણ રોડ સાથે જોડશે તથા અમદાવાદ–પાલનપુર હાઈવે થી પોલીસ મુખ્યાલય સુધી સીધી અને વધુ સારી કનેક્ટિવિટી સ્થાપિત કરશે. પ્રસ્તાવિત સંરચનાની કુલ લંબાઈ (બ્રિજ અને એપ્રોચ સહિત) લગભગ ૧૦૫૦ મીટર રહેશે, જેમાં ૭૬ મીટરનો ગર્ડર સ્પાન અને ૧૨ મીટર પહોળાઈનું પ્રાવધાન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે મહેસાણા વિસ્તારમાં રેલવે લાઈનનું મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં રૂપાંતરણ થયા બાદ શહેર બે ભાગોમાં વહેંચાઈ ગયું હતું, જેના કારણે સ્થાનિક નાગરિકોને આવન-જાવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના સ્થાયી સમાધાન તરીકે આરઓબીના નિર્માણની યોજના તૈયાર કરવામાં આવી છે.

આજે યોજાયેલા સર્વે દરમિયાન મહેસાણા લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી ડૉ. હસરત જૈસ્મીન, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સહિત વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક શ્રી અજ્ઞુ ત્યાગી તથા રેલવે અને વહીવટીતંત્રના અન્ય અધિકારીઓ અને લોકપ્રતિનિધિઓ દ્વારા સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને પ્રોજેક્ટના તકનિકી તથા વ્યવહારુ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

તમામ સંબંધિત અધિકારીઓ અને લોકપ્રતિનિધિઓએ સંયુક્ત રીતે સંભવિત આરઓબી સ્થળનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરના બંને ભાગો વચ્ચે સીધી, સુરક્ષિત અને નિર્વિઘ્ન કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે, જેના કારણે ટ્રાફિકમાં સુગમતા આવશે, સમયની બચત તથા સ્થાનિક વેપાર અને જનજીવનને નવી ગતિ મળશે.

પશ્ચિમ રેલવે દ્વારા આ પ્રોજેક્ટના અમલીકરણ માટે જરૂરી તકનિકી અને વહીવટી કાર્યવાહીને ઝડપી ગતિથી આગળ વધારવામાં આવશે.

# દૌસા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કામના કારણે ટ્રેનોના માર્ગમાં અસ્થાયી પરિવર્તન

યાત્રીઓની સુવિધા તથા સુરક્ષિત અને આધુનિક રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા દૌસા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યના કારણે અને જયપુર મંડળના જયપુર–બાંદીકુઈ ખંડ પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ કાર્યના કારણે તા. ૦૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ટ્રેન સંખ્યા ૧૨૯૧૫ સાબરમતી–દિલ્હી આશ્રમ એક્સપ્રેસ તથા ૨૦૯૬૪ વારાણસી–સાબરમતી એક્સપ્રેસના માર્ગમાં અસ્થાયી પરિવર્તન કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે મુજબ છે.

- ટ્રેન સંખ્યા ૧૨૯૧૫ સાબરમતી–દિલ્હી આશ્રમ એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ફુલેરા–જયપુર–અલવર–રેવાડીના બદલે પરિવર્તત માર્ગ વાયા ફુલેરા–રીંગસ–રેવાડી થઈને ચાલશે અને માર્ગમાં આ ટ્રેન રીંગસ, નીમ કા થાના અને નારનૌલ સ્ટેશનો પર રોકાશે.
- ટ્રેન સંખ્યા ૨૦૯૬૪ વારાણસી–સાબરમતી એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ રેવાડી–અલવર–જયપુર–ફુલેરાના બદલે પરિવર્તિત માર્ગ વાયા રેવાડી–રીંગસ–ફુલેરા થઈને ચાલશે અને માર્ગમાં આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા કોચ સંરચનાની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# જુનાગઢ ભાજપ શહેર ભાજપ પ્રમુખે ૪૦ લાખના ૧.૫૦ કરોડ રૂપીયા પડાવ્યા હોવાનો આક્ષેપ: વ્યાજખોરીએ પરીવારને કર્યો પાયમાલ



પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયાની નિયુક્તિ થયા બાદ તેમની સામે અનેક આક્ષેપો બહાર આવી રહ્યા છે. અગાઉ ભાજપના એક ભૂતપૂર્વ કાર્યકરે વ્યાજખોરીનો આક્ષેપ કર્યા બાદ આજે સરદાર પટેલ સોસાયટીમાં રહેતા પિતા પુત્રએ વ્યાજે લીધેલા ૪૦ લાખ સામે દોઢેક કરોડ લીધા હોવાનો આક્ષેપ કરતા ભારે ચર્ચા જાગી છે.

જુનાગઢના ભવાનભાઈ કુંભાણી અને તેના પુત્ર ભાવિનભાઈએ આજે શહેર ભાજપ પ્રમુખ સામે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૮ માં તેમને બાઈકના શો રૂમના ધંધા માટે કેશોદ ખાતે આવેલી ૬ વિઘા જમીન દસ્તાવેજ કરીને ૪૦ લાખ રૂપીયા ૩ ટકાએ વ્યાજે લીધા હતા. જેની સામે તેઓએ મહિને ૧.૨૦ લાખ વ્યાજ ચુકવી દોઢ વરસ સુધીમાં ૮૦ લાખ રૂપીયા આપ્યા. અને તેની જમીન પણ ગૌરવભાઈએ અન્યને વેચી નાખી, દોઢેક કરોડ પડાવી લીધાનુ જણાવ્યુ છે. આ અંગે તેઓએ જે તે વખતે બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી પરંતુ પોલીસે સ્વીકારી ન હતી, હવે તેઓ આજે રવિવારે એસપીને લેખિત રજુઆત કરશે, જે આક્ષેપોને ગૌરવભાઈએ પાયાવિહોણા ગણાવી કહ્યુ કે તેઓને ૭ વરસે જમીન યાદ આવી, તેઓ સાચા હોય તો પોલીસ ફરીયાદ કરે અને હું શહેર ભાજપ પ્રમુખ બન્યો ત્યારથી એક ચોકકસ ગૃપ મારી પાછળ પડયુ છે અને મને બદનામ કરવા મારી પ્રતિષ્ઠાને હાની પહોચાડવા પ્રયાસ કરી રહ્યુ છે.

# રામ વગર રમજાન નહી: રાજસ્થાનના જયપુરમાં ઈદ પર હિન્દુઓએ મુસ્લિમો પર વરસાવ્યા ફુલ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજસ્થાનના જયપુરમાં ઈદના દિવસે હિન્દુઓએ મુસ્લિમોને શુભેચ્છા પાઠવવા માટે ફુલોનો વરસાદ કર્યો હતો. હિન્દુ -મુસ્લિમ એકતા સમિતિના નેજા હેઠળ હિન્દુ સમુદાયના સભ્યોએ ઈદગાહમાં નમાજ અદા કરી રહેલા મુસ્લિમ સમુદાયના સભ્યો પર ફુલોનો વરસાદ વરસાવ્યો હતો, જે હિન્દુ મુસ્લિમ એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. બાળકો પણ ઈદ માટે ખુબ ઉત્સાહી જોવા મળ્યા હતા. ઈદી મળતા તેમના ચહેરા ખુશીથી ચમકી ગયા હતા. આ સમય દરમિયાન ઘણા અધિકારીઓ અને જન પ્રતિનિધિઓએ પણ મુસ્લિમ સમુદાયને શુભેચ્છા પાઠવવા માટે ઈદગાહની મુલાકાત લીધી હતી. અને શાંતિ તેમજ સૌહાર્દ જાળવવાનો સંદેશ આપ્યો હતો.

હિન્દુ- મુસ્લિમ એકતા સમિતિના સભ્ય રાજેશકુમાર વર્મા કે જેઓ ફુલોનો વરસાદ કરી રહ્યા હતા, તેમણે બધાને ઈદ મુબારક પાઠવી હતી. રાજસ્થાન સહિત સમગ્ર ભારતમાં આપણામાં ભાઈચારો અકબંધ રહે, કેટલાક લોકો ભાગલા પાડીને આપણને અલગ કરવા માંગે છે, આ ખોટુ છે, રામ વિના રમજાન નથી અને ઈદ વિના દિવાળી નથી, અમે સંદેશ આપવા માંગીએ છીએ કે આપણે બધા એક છીએ, આપણે હિન્દુ અને મુસ્લિમ એક જ પરીવારના છીએ, આપણે એક પરીવાર તરીકે રહેવા માંગીએ છીએ,

વહેલી સવાર થી જ મુસ્લિમ સમુદાયના સભ્યો પરંપરાગત સફેદ વસ્ત્રોમાં ભેગા થયા હતા. બાળકો ખાસ કરીને રંગબેરંગી પોશાકમાં ઉત્સાહીત દેખાતા હતા, શહેરભરમાંથી લોકો ઈદગાહ ખાતે પહોચ્યા હતા, અને શાંતિથી ઈદની નમાજ અદા કરી હતી. નમાજ દરમિયાન હજારો લોકોએ એક સાથે માથુ નમાવીને (સજદો) કરીને અલ્લાહને પ્રાર્થના કરી અને દેશમાં શાંતિ, સંવાદીતા અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

નમાજ બાદ લોકોએ એક બીજાને મુબારકબાદી પાઠવી હતી. તો બીજી તરફ હિન્દુ ભાઈઓએ ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી.

# હિંમતનગર શહેરમાં બોગસ આધારકાર્ડ અને સર્ટીફીકેટ બનાવતા ઓપરેટરો ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હિંમતનગર જનસેવા કેન્દ્રમાં બોગસ આધારકાર્ડ તેમજ અલગ અલગ સર્ટીફીકેટ બનાવનાર જનસેવા કેન્દ્ર ના ઓપરેટર અને ખાનગી કોમન સર્વિસ સેન્ટર ચલાવનાર પોલીસના સકંજામાં આવ્યા છે. અત્યાર સુધી કેટલા બોગસ સર્ટીફીકેટ અને આધારકાર્ડ માં ચેડા કરવામાં આવ્યા છે. સાથે અન્ય કેટલાની સંડોવણી છે તે દિશામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે આવેલા બહુમાળી ભવન કંપાઉન્ડમાં આવેલા જનસેવા કેન્દ્રમાં ફરજ બજાવતા ઓપરેટર અને ખાનગી કોમન સર્વિસ સેન્ટર ચલાવતા વ્યકિતએ ભેગા મળી




આધારકાર્ડ તેમજ જન્મના દાખલા, જાતિના દાખલા, લીવીંગ સર્ટીફીકેટ સહિત અન્ય દસ્તાવેજોમાં ચેડા કરી બોગસ સર્ટીફીકેટ બનાવનારની જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. દસ્તાવેજોમાં ચેડા કરનાર બંને વ્યકિતઓ મામલતદાર અને નગરપાલિકાના નકલી બોગસ સિકકા નો પણ ઉપયોગ કરતા હોવાનુ બહાર આવ્યુ છે. જો કે પોલીસ દ્વારા હાલમાં બી ડીવીજન પોલીસ મથકે ગુન્હો નોંધી બોગસ દસ્તાવેજો બનાવનાર બંનેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. જો કે અત્યાર સુધીમાં કેટલા લોકોના સર્ટીફીકેટ તેમજ આધારકાર્ડ માં ફેરફાર કર્યા છે. તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ કોઈપણ સરકારી યોજના અથવા તો સરકારી નોકરી મેળવવા હેતુ બોગસ સર્ટીફીકેટ આપવામાં આવ્યા છે કે કેમ તે દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ તો જનસેવા કેન્દ્રના ઓપરેટર ચંદ્રકેતુ પ્રજાપતિ અને કોમન સર્વિસ સેન્ટર ચલાવનાર કિશોર પ્રજાપતિ ની ધરપકડ કર્યા બાદ પુછપરછ હાથ ધરવામાં આવી છે. જો કે બંને વ્યકિતઓને કોર્ટમાં રજુ કર્યા બાદ વધુ તપાસ અર્થે રીમાન્ડની માંગણી કરવામાં આવશે. જો કે હાલ તો પ્રાથમિક તપાસમાં મહત્વના કોઈ ખુલાસા બહાર આવ્યા નથી પરંતુ તપાસ દરમિયાન કેટલા લોકોના આધારકાર્ડ સાથે ચેડા કરી નવીન આધારકાર્ડ બનાવવામાં આવ્યા છે. આ સાથે જ કેટલા લોકોને જન્મનો દાખલો, જાતિનો દાખલો તેમજ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં ચેડા કરી કેટલા લોકોને નવીન સર્ટીફીકેટ આપવામાં આવ્યા છે તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# વસ્ત્રાપુરના હિમાલયા મોલમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા હિમાલયા મોલના એક સ્પા સેન્ટરમાં મસાજની આડમાં ચાલતા દેહવ્યાપારના કૌભાંડને પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસ દ્વારા પાડવામાં આવેલા આ દરોડામાં અલગ-અલગ રાજ્યોની ત્રણ યુવતીઓને મુક્ત કરાવી, જ્યારે આરોપીઓ સામે અનૈતિક ટ્રાફિકિંગ નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, હિમાલયા મોલના બીજા માળે આવેલા એક સ્પામાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીની ચકાસણી કરવા માટે પોલીસે એક નકલી ગ્રાહક તૈયાર કરીને સ્પામાં મોકલ્યો હતો.

# ભરણપોષણના કેસમાં જેલ જવાની ચિંતામાં જુનાગઢના યુવાનનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જુનાગઢમાં પત્ની સાથેના મનદુઃખ બાદ ચાલી રહેલા ભરણપોષણના કેસમાં સંભવિત જેલવાસ અથવા મોટી રકમની ચુકવણીના ડરે એક યુવાને આત્મહત્યા કરી લીધી છે. લાંબા સમયથી ચાલી રહેલા કાનૂની વિવાદમાં ગમે ત્યારે ચુકાદો આવી શકે તેમ હોવાથી માનસિક તણાવમાં આવી ગયેલા આ યુવાને એસિડ પી લેતા સારવાર દરમિયાન રાજકોટ ખાતે તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે બે માસૂમ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, જુનાગઢના દોલતપરા વિસ્તારમાં સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય રમેશભાઈ મનસુખભાઈ જાદવ હીરા ઘસવાનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મળતી માહિતી મુજબ, તેમના પત્ની હીનાબેન છેલ્લા છ વર્ષથી જેતપુર ખાતે પોતાના પિયરમાં રિસામણે હતા અને તેમણે કોર્ટમાં ખાધાખોરાકીનો કેસ કર્યો હતો. આગામી સમયમાં આ કેસનો નિકાલ થવાની શક્યતા હતી.પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રમેશભાઈને ડર હતો કે કોર્ટના ચુકાદા મુજબ જો તેઓ ભરણપોષણની રકમ નહીં ભરી શકે તો તેમને જેલમાં જવું પડશે. આ ચિંતામાં ગત ૧૯મી તારીખે તેમણે ઘરે જ એસિડ પી લીધું હતું. ગંભીર હાલતમાં તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં આજે તેમનું મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફની જાણ બાદ જુનાગઢ એ-ડિવિઝન પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

**નામ-અટકમાં સુધારો**

**ગુજરાત સરકાર ગેઝેટ ભાગ-૨**
**તારીખ ૧૧-૦૩-૨૦૨૬ (૧૮૮૮)**

કેન્દ્રીય ગેઝેટ અને કેન્દ્રીય વિભાગના પૂરકના દરેક ભાગને અલગ પેજિંગ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય છે.

સરકાર નોટિસની સામગ્રીના અધિકાર અંગે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કારણ કે તે દસ્તાવેજોની ચકાસણી વિના સંબંધિત વ્યક્તિઓની અરજી/એફિડેવિટ પર સંપૂર્ણપણે આધારિત છે.

અનુ. નં. LXVII] બુધવાર, ૧૧ માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુના ૨૦, ૧૯૪૭ (નં.૧૮૮૮)

ભાગ-૨ વિવિધ સૂચનાઓ અને જાહેરાતો

ભટ્ટ રુદ્રદત્ત અભયસિંહ (જૂનું નામ) થી બદલીને બ્રહ્મભટ્ટ રુદ્રદત્ત અભયસિંહ (નવું નામ) કરવામાં આવ્યું છે જે ગેઝેટ નોંધણી નંબર ૨૬૦૩૨૩૧૨ હેઠળ નોંધાયેલું છે.

સરનામું: ૧૦, આરાધના પાર્ક સોસાયટી, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત, ભારત.

# રાજકોટમાં નામાંકિત તબીબે હોસ્પીટલમાં મહિલા સાથે અંગત પળો માણી: ન્યુડ વિડીયો કથિત પત્રકારોના હાથમાં આવ્યો: પત્રકારોએ ધમકી આપી લાખોની ખંડણી માંગી



પ્રતિનિધિ,ગાંધીનગર

કથિત પત્રકારોની ટોળકીના એક બાદ એક કારનામા બહાર આવી રહ્યા છે. ત્યારે વધુ એક ચોંકાવનારૂ પ્રકરણ બહાર આવ્યુ છે. રાજકોટ શહેરના જાણીતા અને સીનીયર તબીબનો મહિલા સ્ટાફ સાથેનો અંગત પળોનો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૪ જેટલા કથિત પત્રકારોની આ ટોળકીએ તબીબ પાસે લાખો રૂપીયાની ખંડણી માંગી હતી.

આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ શહેરના જાણીતા તબીબ પોતાની હોસ્પીટલમાં ટુંક સમય પહેલા જ સીસીટીવી કેમેરા ફીટ કરાવ્યા હતા. દરમિયાન થોડાક સમય પહેલા તેઓએ હોસ્પીટલના એક રૂમમાં એક મહિલા કર્મી સાથે અંગત પળો માણી રહ્યા હતા. તબીબના અંગત પળો સીસીટીવી કુટેજ કે મોબાઈલ દ્વારા શુટીંગ કરી એક તબીબે ન્યુડ વિડીયો કિલપ બનાવી લીધી હતી. ત્યારબાદ આ વિડીયો બનાવનાર તબીબ દ્વારા કથિત પત્રકારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી આ સમગ્ર મામલામાં ૪ જેટલા કથિત પત્રકારોની એન્ટ્રી થઈ હતી. એક બાદ એક પત્રકારોએ તબીબને ડરાવ્યા હતા અને અલગ અલગ રીતે રૂપીયા ૨૩ લાખ થી રૂપીયા ૨૫ લાખ સુધીની ખંડણી પણ મંગાઈ હતી. જો આ રકમ નહી આપે તો વિડીયો સોશીયલ મીડીયા અને ન્યુઝ ચેનલો માં વાયરલ કરી દેવાની ધમકીઓ આપવા લાગ્યા હતા.

આ શખ્સોની ધમકીઓથી કંટાળી જઈ અંતે તબીબે શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાસે પહોચી પોતાની હકીકત વર્ણવી હતી. તબીબની વાત સાંભળી પોલીસે ગંભીરતા દાખવી તુરંત આ મામલે તપાસ શરૂ કરી દીધી હતી. પોલીસ તપાસમાં તબીબ અને ચારેક કથિત પત્રકારોની સંડોવણી બહાર આવતા પોલીસે તુરંત જ બનાવ અંગે ખંડણી અંગે સાયબર ક્રાઈમમાં ગુન્હો દાખલ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ પ્રકરણને લઈ તબીબ જગતમાં ભારે ચર્ચા ઉઠી રહી છે.

# એમ્બ્યુલન્સમાં લઈ જવાતી બ્રેઈન-ડેડ મહિલા દર્દીને ઝાટકો લાગતા ફરી શ્વાસ લેતી થઈ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણને વિચાર કરતા કરી મૂકે એવા કિસ્સાઓ જ્યારે આપણે સાંભળીએ કે જોઈએ ત્યારે બે ઘડી આશ્ચર્યમાં મુકાઈને એને ઈશ્વરીય ચમત્કાર માનીએ છીએ. એવો જ એક કિસ્સો છે ઉત્તર પ્રદેશના બરેલીનો જ્યાં એક હોસ્પિટલમાં બ્રેઈન-ડેડ જાહેર કરાયેલા વિનીતા શુક્લા નામની મહિલા દર્દી ને એમ્બ્યુલન્સ ને લાગેલા એક ઝટકાએ નવજીવન બક્ષ્યુ હતું. આ અંગેની વિગત એ છે કે ૨૨ મી ફેબ્રુઆરીએ વિનીતાબહેન એમના ધરમા જ અચાનક બેહોશ થઈ ગયા હતા. તરત જ તેમને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવાયા ત્યાં તેમને બરેલીની મોટી હોસ્પિટલમાં લઈ જવાનું કહેવાયુ. બે દિવસ માટે તેમને ત્યાં વેન્ટિલેટર પર રાખ્યા અને પછી ડોકટરોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કરી દીધા. કેમકે તેમના શરીરમાં કોઈ હલચલ નહોતી થઈ રહી. ડોક્ટરે કહ્યું કે વેન્ટિલેટર પરથી હટાવતા જ તેમનું મૃત્યુ થઈ જશે. એ પછી પણ પરિવારજનો એ તેમને ઘરે લઈ જવાનું નક્કી કર્યું. ૨૪ ફેબ્રુઆરીએ એમ્બ્યુલન્સ લઈને તેમને ઘરે લાવી રહ્યા હતા અને ઘરમાં માતમ નો માહોલ હતો. અંતિમ સંસ્કારની તૈયારીઓ થઈ ચૂકી હતી. જો કે ઘરે પહોંચતા પહેલા જ રોડ પર ખાડા ને કારણે જોરદાર ઝાટકો લાગ્યો. આમ તો ખરેખર ખાડા જીવ લેતા હોય છે પરંતુ આ ખાડાના ઝાટકાએ વિનિતાબહેનના શરીરના ફરીથી શ્વાસ ચાલતા કરી દીધા. શરીરમાં હલચલ થતી જોઈને તરત જ તેમને ફરીથી નજીકમાં આવેલી પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાયા. પ્રાઈવેટ હોસ્પિટલના નિષ્ણાંતોને લાગ્યું કે કદાચ દર્દીને સાપ કરડયો છે એટલે તેમણે એન્ટિ-વેનમ ઈન્જેક્શન આપ્યું હતું. એ પછી લગભગ ૧૩ દિવસ સારવાર ચાલી અને હવે વિનિતા શુક્લા એકદમ સ્વસ્થ થઈ ચૂક્યા છે.



# છોટા ઉદેપુરની ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલની સભાનો ફોટો વાયરલઃ નારણ રાઠવા જેવા દિગ્ગજ નેતાઓને માન આપવાનુ ચુકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ટુંક સમયમાં જ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ એલાન થવાનુ છે અને તે અગાઉ દરેક પક્ષ એકટીવ થઈ ગયા છે. હવે દરેક પક્ષ આદિવાસી વિસ્તારમાં પોતાનો પગ પેસારો કરી રહ્યા છે. આદિવાસી પટ્ટામાં ભાજપ હવે ખુબ જ એકટીવ થયુ છે. હર્ષ સંઘવીથી લઈ અને ભાજપના દિગ્ગજ નેતાઓ હાલ આદિવાસીઓને ભાજપમાં જોડવા સતત ભાગદોડ કરી રહ્યા છે. તો બીજી તરફ ભાજપ આદિવાસી પટ્ટામાં સતત શકિતપ્રદર્શન કરતુ જોવા મળે છે, અને ગઈ કાલે પણ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની છોટા ઉદેપુરમાં સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ત્યારે આજે એક ફોટો તે સભાનો વાયરલ થયો છે. જેમાં નારણ રાઠવા મંચ પર બેસવાની જગ્યાએ મંચ ની સામેની તરફ બેસેલા જોવા મળે છે. ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં ખુબ જ દિગ્ગજ નેતાઓ રહેલા છે. જેણે વરસો સુધી રાજનીતીમાં રહીને પોતાનુ નામ બનાવ્યુ છે, પ્રજાના કામો કર્યા છે અને એ કામોને કારણે આ નેતાઓએ લોકોના હ્રદયમાં ખુબ જ મોટુ સ્થાન બનાવ્યુ છે. આજે એક પોસ્ટ વાયરલ થઈ રહ્યો છે. જેમાં ગઈ કાલે ભાજપની સભામાં નારણ રાઠવા જેવા દિગ્ગજ આદિવાસી નેતાને સભામાં બેસવા માટે જગ્યા પણ માંડ માંડ મળી હતી. જેના પર હવે આદિવાસીઓમાં રોષ ફાટી નિકળ્યો છે. એક તરફ આદિવાસી વિસ્તારમાં ભાજપને પોતાનુ વર્ચસ્વ ઉભુ કરવુ છે, તો બીજી તરફ જો નારણ રાઠવા જેવા દિગ્ગજ આદિવાસી નેતાને બેસવા માટે જો મંચ પર જગ્યા પણ ન આપી શકો તો આદિવાસીઓના મત કેવી રીતે મેળવી શકો ? જે માન રીતે નારણભાઈ રાઠવાને ભાજપમાં જોડયા હતા તે બાદ હવે આ નેતાઓને માન આપવાનુ તો રાખો, નારણભાઈ રાઠવાએ કોંગ્રેસમાંથી જ રાજકારણની શરૂઆત કરી હતી, તેઓ પાંચ વખત લોકસભાના સાંસદ હતા, રાઠવા ૧૯૮૯ માં લોકસભા ચુંટણી જીતીને પહેલીવાર સંસદમાં પહોચ્યા હતા. જે બાદ તેઓ ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮ અને ૨૦૦૪ માં પણ ચુંટણી જીત્યા હતા, તેઓ છોટા ઉદેપુરના સાંસદ હતા. તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ વચ્ચે યુપીએ-૧ માં રેલ્વે રાજય મંત્રી હતા, ૨૦૦૯ ની લોકસભા ચુંટણી માં રાઠવા ભાજપના રામસિંહ રાઠવા સામે ચુંટણી હારી ગયા હતા. આ પછી તેમણે લગભગ ૧૦ વરસ સુધી કોઈ પદ સંભાળ્યુ ન હતું. ૨૦૧૮ માં કોંગ્રેસે તેમને રાજયસભામાં મોકલ્યા, તાજેતરમાં જ તેમનો રાજયસભાનો કાર્યકાળ પુરો થયો છે.



સુરત મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન(રાંદેર)ના

# પાલ ગામ વોર્ડ ઓફિસનાં એસ.આઈ દેવેન દેસાઈએ સત્તાનો દૂરઉપયોગ કરી સફાઈ કામદારોને તૂટેલી મૂર્તિઓ, ફ્રેમ, ધાર્મિક ફોટા વિગેરેનાં નિકાલ માટે જબરજસ્તીથી પાણીમાં ઉતારતા તેઓને સસ્પેન્ડ કરવા સુરત મ્યુ.કમિશ્નરને ફરિયાદ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન(રાંદેર) ના પાલ ગામ વોર્ડ ઓફિસમાં ફરજ બજાવતા એસ.આઈ દેવેન દેસાઈએ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ તેમની વોર્ડ ઓફિસમાં એક ટેમ્પો બોલાવીને સફાઈ કામદારો પાસે બોક્ષમાં ભરાવેલી જુની તૂટેલી મૂર્તિઓ, ફ્રેમ, ધાર્મિક ફોટા વિગેરે કોઈક દરિયા કિનારે લઈ ગયા હતા તેથી એસઆઈ સામે યોગ્ય તપાસ કરી તેની સામે પગલાં લેવા અખિલ ભારતીય સફાઈ કામદાર સંગઠન ધ્વારા મ્યુ.કમિશનરને રાંદેર ઝોનના જાહેર આરોગ્ય નિરીક્ષક દેવેનભાઈ દેસાઈ વિરુદ્ધ નૈતિક ધોરણોથી વિરુદ્ધ, ગેરવર્તણૂક, પોતાને આપેલી સત્તાનો દુરુપયોગ કરીને પોતાના કાર્યક્ષેત્ર બહારની કામગીરી સુરત મહાનગરપાલિકાના વર્ગ-૪ સફાઈ કામદાર કર્મચારીઓ પાસે બળજબરીપૂર્વક ઈચ્છા કે સંમતિ વિરુદ્ધ, ધાકધમકી, દબાણ, કે શારીરિક બળનો ઉપયોગ કરી પ્રતિબંધિત કામગીરી કરાવી વર્ગ-૪ ના સફાઈ કામદાર કર્મચારીઓનો જીવ જોખમમાં નાંખનાર આ અધિકારીને બરતરફ **(Dismissal)** શિસ્તભંગના પગલા રૂપે ફરજિયાતપણે દૂર કરવાની લેખિત ફરિયાદ કરવામાં આવેલ છે. એસઆઈની કામગીરીના ફોટા અને વિડિઓ વોટ્સએપ ઉપર વાયરલ થયેલ છે. તે જોતા ઘણા ગંભીર સવાલો ઉભા થવા પામેલ છે. જેમ કે ફોટાઓમાં સફાઈ કામદારો દરિયા કિનારે ટેમ્પામાંથી બોક્ષ ઉતારીને દરિયા કિનારે હોડીમાં લઈ જાય છે. જે હોડી કોઈ ખાનગી વ્યક્તિની જણાય છે. જે કદાચ ભાડેથી રોકવામાં આવેલ હતી. અને પ્રાપ્ત માહિતી મુજબ ૫૬૩૦ જેટલી ખંડિત મૂર્તિઓને હજીરાના દરિયામાં વિસર્જિત કરવામાં આવી હતી. જૂની મૂર્તિઓને સુરત મહાનગરપાલિકા ધ્વારા ભેગી કરવામાં આવે છે તે એક સારી વાત છે.પરંતુ અહીં સવાલ એ ઉભો થાય છે કે, શું મહાનગર પાલિકાએ આવી કામગીરીની કોઈ નીતિ નક્કી કરી છે? આ કામગીરી માટે **S.I.** દેવેન દેસાઈએ તેઓના કોઈ ઉપરી અધિકારીની મંજૂરી લીધેલ છે? આ કામગીરી દરિયામાં સફાઈ કામદારો પાસે કરાવવામાં આવી રહી છે તે વખતે ફાયર બ્રિગેડની હોડી કે ફાયર બ્રિગેડના કોઈ કર્મચારીઓ નથી કે સલામતીનાં પણ કોઈ પગલાં લેવામાં આવેલ નથી. કદાચ દરિયામાં અકસ્માત થાય અને કોઈ ઘટના બને તો તેની જવાબદારી કોની ? બીજાના જીવનને જોખમમાં મૂકવું એ ભારતીય કાયદા **(IPC,** હવે **BNS)** હેઠળ ગંભીર ગુનો છે. આ જોતા **SI** દેવેન દેસાઈ એ જાતે નક્કી કરીને પોતાની વાહવાહી મેળવવા આ કામ કરેલ છે. તેઓના ઉપરી અધિકારીઓએ પણ આ ફોટા અને વીડિયો જોયા હશે, તો તેઓએ કોઈ પગલા લીધા કે નહીં ? જેથી આ ઘટનાની તાકીદે ગંભીરતાપૂર્વક તપાસ કરાવવા માટે અખિલ ભારતીય સફાઈ કામદાર સંગઠનની માંગણી છે.

વધુમાં તપાસ દરમ્યાન **SI** દેવેન દેસાઈ દ્વારા દખલગીરી નહીં કરવામાં આવે તે માટે તેઓને તાત્કાલિક ધોરણે ફરજ માંથી બરતરફ કરવામાં આવે તેવી માંગણી છે.જો તેઓની માંગણી મુજબના પગલા નહીં લેવામાં આવે તો આવનારા દિવસોમાં સફાઈ કામદારો પાસે આવી કામગીરી કરાવવામાં નહીં આવે તેની તમામ ખાતાઓએ નોંધ લેવા અને ચાલુ ફરજ દરમ્યાન કર્મચારીઓના આરોગ્યને નુકશાન થાય કે કામદારોના જીવને જોખમમાં મૂકીને કામગીરી નહીં કરાવવામાં આવે તેવી સૂચના આપવા માટે પણ મ્યુ.કમિશ્નરને લેખિત માંગણી કરેલ છે.



# ગૌ સેવા માટે જીવ આપનાર બાબા ચંદ્રશેખરને તસ્કરોના વાહને કચડી નાંખ્યાઃ ગૌરક્ષકોએ હત્યા કર્યાનો આક્ષેપ

## બાબાના મોતથી વ્રજ ક્ષેત્રમાં ભારે આક્રોશઃ ગૌરક્ષકોએ દિલ્હી આગરા હાઈવે ચક્કાજામ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉત્તર પ્રદેશ ના મથુરામાં ગૌ રક્ષક સંત બાબા ચંદ્રશેખર જેઓ ફરસાવાલે બાબા તરીકે જાણીતા હતા. તેમનુ આજે શનિવારે વહેલી સવારે એક વાહનની ટકકર થી કરૂણ મોત નિપજયુ હતું. બાબા ના સમર્થકો અને ગૌરક્ષકોનો દાવો છે કે આ અકસ્માત નહી પણ હત્યા છે અને ગાય તસ્કરોએ તેમને કાર થી કચડી નાખ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વ્રજ ક્ષેત્રમાં ભારે આક્રોશ ફેલાયો છે.

અહેવાલો મુજબ આજે શનિવારે સવારે ૪ વાગે બાબા ચંદ્રશેખરને માહિતી મળી હતી કે ગાય તસ્કરો ગાયો ભરીને ભાગી રહ્યા છે. માહિતી મળતા જ બાબા પોતાની બાઈક પર તસ્કરોનો પીછો કરવા નિકળ્યા હતા, કોટવાન પોલીસ સ્ટેશન વિસ્તારના નવીપુર ગામ પાસે પીછો દરમિયાન તસ્કરોએ બાબાની બાઈકને જોરદાર ટકકર મારી હતી અને તેમણે કચડી ને ભાગી છુટયા હતા. ટકકર એટલી ભયાનક હતી કે બાબાનુ ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતું. બાબાની હત્યાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સેંકડો ગૌ ભકતો અને હિન્દુ સંગઠનોના કાર્યકરો દિલ્હી-આગરા હાઈવે પર એકઠા થયા હતા. ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ હાઈવે ચક્કાજામ કરી દીધો હતો. જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ભીડે પોલીસ પ્રશાસન વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા અને પોલીસ પર પથ્થરમારો પણ કર્યો હતો. જેથી સ્થિતિ વધુ તંગ બની હતી. પરીસ્થિતિને કાબુમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસદળો તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ ગૌરક્ષકોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

ઘટનાબાદ સ્થાનિક લોકો અને ગૌરક્ષકોએ પીછો કરીને એક આરોપી યુવકને પકડી લીધો હતો. જેને પોલીસને સોંપવામાં આવ્યો હતો. જો કે અન્ય ૩ આરોપીઓ અંધારાનો લાભ લઈને ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસ ફરાર આરોપીઓને પકડવા માટે સતત દરોડા પાડી રહી છે. બાબા ચંદ્રશેખર ગાય સેવા પ્રત્યેના તેમના અતુટ સર્મ્પણ અને નિર્ભયતા માટે જાણીતા હતા. તેમના નિધનથી મથુરાના સંતો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉંડો શોક ફેલાયો છે. તેમના અંતિમ દર્શન માટે અંજનાઉખ ગૌશાળામાં મોટી ભીડ એકઠી થઈ હતી.



# સંપત્તિ આગળ સંબંધો વામણાંઃ માતાના પાર્થિવ દેહની મર્યાદા ન જળવાઈઃ વારસા માટે પુત્ર-પુત્રી લડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

વલસાડમાં કળયુગ નો એક એવો કિસ્સો બહાર આવ્યો છે જયાં સંપત્તિના વિવાદે લોહીના સંબંધો પર કબ્જો જમાવી લીધો, કેન્સરની બિમારી સામે જંગ હારી ગયેલી માતાના અંતિમ સંસ્કાર કરવાને બદલે પુત્ર અને પુત્રી વચ્ચે મૃતદેહ કોણ લઈ જશે તે મુદ્દે હોસ્પીટલ થી લઈને પોલીસ સ્ટેશન સુધી સાડાચાર કલાક સુધી ભારે હંગામો ચાલ્યો હતો.

વલસાડ સીવીલ હોસ્પીટલમાં સારવાર દરમિયાન આધેડ મહિલાનુ અવસાન થયુ હતું. મૃત્યુ બાદ પુત્રીએ આક્ષેપ કર્યો હતો કે તેના ભાઈએ બિમારી દરમિયાન માતાને ઘરમાંથી કાઢી મુકયા હતા, અને તેમની કોઈ સેવા કરી ન હતી, પુત્રીએ જણાવ્યુ હતુ કે તેણે માતા ને પોતાના સાસરે રાખીને સેવા ચાકરી કરી હતી અને માતાની અંતિમ ઈચ્છા મુજબ તેમની વિધિ મોસાળમાં (પિયરપક્ષે) થાય તેવો આગ્રહ રાખ્યો હતો. તો બીજી તરફ પુત્રએ બહેનના તમામ આક્ષેપોને નકારી કાઢયા હતા. તેણે દાવો કર્યો હતો કે તેણે જ પરીવાર સાથે મળીને માતાની અલગ અલગ હોસ્પીટલોમાં સારવાર કરાવી હતી અને તે જ માતાની સંભાળ રાખતો હતો. અંતિમ સંસ્કારના હક્ક મુદ્દે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા મામલો વલસાડ સીટી પોલીસ સ્ટેશન પહોચ્યો હતો. જયારે ભાઈ-બહેન અંદર મિલ્કત અને આક્ષેપોની લડાઈ લડી રહ્યા હતા , ત્યારે કમનસીબે માતાનો મૃતદેહ બહાર શબવાહીનીમાં રઝળતો રહ્યો હતો. અંતે વલસાડ સીટી પીઆઈ દ્વારા બંને પક્ષોને લાંબી સમજાવટ કરવામાં આવી હતી. આખરે નિર્ણય લેવાયો હતો કે માતાના અંતિમ સંસ્કાર તેમના પિયરપક્ષ ખાતે કરવામાં આવશે, પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહને રવાના કરાયા બાદ આ સમગ્ર ડ્રામા નો અંત આવ્યો હતો.



# હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં ઈદુલ-ફીત્રની શાંતિપૂર્ણ ઉજવણીઃ હજારો મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ ખાતે નમાજ અદા કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં મુસ્લિમ બિરાદરોએ રમજાન મહિનાના રોજા રાખી અલ્લાહની ઈબાદત કરી આજે શનિવારે ઈદુલ ફીત્રનો પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી. વહેલી સવારે બિરાદરોએ શહેરના બલવંતપુરા ઈદગાહ મેદાન ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ એકત્ર થઈ ઈદ ની વિશેષ નમાજ અદા કરી હતી. નમાજ બાદ સૌએ એક બીજાને ઈદની મુબારક બાદી પાઠવી હતી.



ગઈ કાલે શુક્રવારે સાંજે ઈદનો ચાંદ દેખાતાની સાથે જ શહેરના બજારોમાં ભારે ચહલ પહલ જોવા મળી હતી. મુસ્લિમ સમાજના લોકોએ ચાંદના દીદાર કર્યા બાદ એકબીજાને ચાંદ મુબારક કહી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ આજે શનિવારે ઈદનો તહેવાર ઉજવાયો હતો. ઈદના દિવસે નાના થી લઈને વડીલોએ નવા વસ્ત્રો પરીધાન કરી મસ્જીદોમાં જઈ નમાજ અદા કરી હતી અને દેશ તેમજ વિશ્વમાં શાંતિ, સમૃધ્ધિ અને સુખાકારી માટે દુઆ માંગી હતી. સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી વિવિધ મસ્જીદોમાં પણ મોટી સંખ્યામાં નમાજ અદા કરવામાં આવી હતી. નમાજ બાદ લોકો પોતાના સગા સંબંધીઓ અને મિત્રો સાથે મુલાકાત કરી દુધ સેવૈયા સહિતની પરંપરાગત મીઠાઈઓનો સ્વાદ લીધો હતો. સમગ્ર જિલ્લામાં ઈદનો ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. તો બીજી તરફ જિલ્લાના ઈડર, વડાલી, પ્રાંતિજ, વિજયનગર, તલોદ સહિતના વિસ્તારોમાં પણ મુસ્લિમ સમુદાયના લોકોએ પવિત્ર ઈદની નમાજ અદા કરી હતી. ઈદના તહેવાર દરમિયાન કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ શહેર તથા જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં આકાશી આફતઃ કોર્પોરેશને જાહેર કર્યા ૪૬ ગરમીના હોટસ્પોટઃ આગામી ૩ દિવસ માટે ભારે સાવચેતી રાખવાની અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં ઉનાળાની શરૂઆત માં જ સુર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. વધતા જતા તાપમાનને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ગરમીના ડેટા એનાલીસીસ ના આધારે કુલ ૪૬ વિસ્તારોને હોટસ્પોટ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં અન્ય વિસ્તારોની સરખામણીએ ગરમીનુ પ્રમાણ વધુ નોંધાઈ શકે છે. સ્પેસ ટેક સ્ટાર્ટઅપ સાથે મળીને કરાયેલા આ અનોખા પ્રયોગ દ્વારા નાગરીકોને હીટસ્ટ્રોક થી બચાવવા અને ગરમીનુ સચોટ અનુમાન આપવા માટે તંત્ર સજજ થયુ છે.



અમદાવાદમાં ગરમીના પ્રકોપને માપવા માટે કોર્પોરેશને આ વખતે આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો છે. સ્પેસ ટેક સ્ટાર્ટઅપ સંસ્થાના સહયોગથી સેટેલાઈટ ડેટા અને થર્મલ મેપીંગ દ્વારા શહેરના કયા ખુણામાં સૌથી વધુ હીટ આઈલેન્ડ બને છે. તેની તપાસ કરવામાં આવી હતી. આ અભ્યાસના અંતે ૪૬ એવા સ્થળો તારવવામાં આવ્યા છે જયાં તાપમાન સામાન્ય કરતા ૨ થી ૩ ડીગ્રી વધુ રહેવાની શકયતા છે. આ ડેટાના આધારે આગામી ૩ દિવસ માટેનુ ખાસ હવામાન અનુમાન પણ જાહેર કરવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા જાહેર કરાયેલા હોટ સ્પોટ માં ખાસ કરીને ઔદ્યોગિક અને ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોનો સમાવેશ થાય છે. જેમાં પૂર્વ અમદાવાદના ઓઢવ અને એપરલ પાર્ક જેવા ઈન્ડસ્ટ્રીયલ ઝોન તેમજ પીરાણા ડમ્પીંગ સાઈટ અને ચંડોળા તળાવની આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં કોક્રિટનુ જંગલ અને ગ્રીન કવર ઓછુ હોવાને કારણે ગરમીનુ પરાવર્તન વધુ થાય છે. જેનાથી રાત્રીના સમયે પણ વાતાવરણ ગરમ રહે છે.

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને આગામી ૩ દિવસ માટે ગરમીનુ અનુમાન જાહેર કરતા જણાવ્યુ છે કે આ હોટ સ્પોટ વિસ્તારોમાં બપોરના સમયે વિશેષ તકેદારી રાખવી જરૂરી છે. આ વિસ્તારોમાં રહેતા નાગરીકો માટે પીવાના પાણીની વ્યવસ્થા અને જાહેર સ્થળોએ છાંયડાની સુવિધા વધારવા માટે આદેશ અપાયા છે. આરોગ્ય વિભાગને પણ એલર્ટ રહેવા જણાવાયુ છે. જેથી હીટ સ્ટ્રોકના દર્દીઓને તાત્કાલીક સારવાર આપી શકાય, શહેરીજનોને બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન બિનજરૂરી બહાર ન નિકળવા અપીલ કરાઈ છે. ગરમીના આ હોટ સ્પોટ જાહેર થવા પાછળનુ મુખ્ય કારણ ગ્લોબલ વોર્મિંગ અને વધતુ જતુ શહેરીકરણ છે. નિષ્ણાંતોના મતે આવા વિસ્તારોમાં રહેતા લોકોએ વધુ પ્રમાણમાં પ્રવાહી લેવુ જોઈએ અને સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. કોર્પોરેશનના આ પ્રયોગથી ભવિષ્યમાં આ વિસ્તારોમાં કુલ રુફ ટેકનોલોજી અને વધુ વૃક્ષારોપણ કરીને તાપમાન ઘટાડવાની દિશામાં પણ કામ કરવામાં આવશે. અત્યારે તો અમદાવાદ વાસીઓએ ગરમીના આ પ્રકોપ સામે લડવા માટે સજજ રહેવુ પડશે.

# ખાખીનો રૌફ કે ગુંડાગીરીઃ નિકળ લુખ્ખા, અહી મારૂ જ ચાલશેઃ બોપલ પીએસઆઈના શબ્દો સાંભળી પ્રજા ચોંકી ઉઠી

પ્રતિનિધિ,ગાંધીનગર

જનસેવા હી પ્રભુ સેવા નુ સુત્ર ધરાવતી ગુજરાત પોલીસના એક અધિકારીએ અમદાવાદમાં ખાખી ની આબરૂના ધજાગરા ઉડાડયા છે. બોપલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા એક કંપનીના માલીક અને તેના મિત્રો સાથે પીએસઆઈ જયેશ કાલોતરા એ અત્યંત તોછડુ અને અસભ્ય વર્તન કર્યુ હોવાનો વિડીયો વાયરલ થયો છે. યુવકને પગમાં તકલીફ હોવાથી પોતાની જ ગાડી પર બેસવા જેવી સામાન્ય બાબતે પીએસઆઈએ તેને લુખ્ખો કહી જેલમાં પુરી દેવાની ધમકી આપી હતી.




સમગ્ર ઘટનાની વિગત મુજબ નિકોલ વિસ્તારમાં રહેતા આશિષ કોસ્ટી નામના યુવક, જે પોતે એક કંપનીના માલીક છે, તે પોતાના મિત્રની ફરીયાદ કરવા બોપલ પોલીસ સ્ટેશન ગયા હતા. આશિષભાઈનુ તાજેતરમાં જ હિપ રીપ્લેસમેન્ટ (થાપાનુ ઓપરેશન) થયુ હોવાથી તેઓ લાંબા સમય ઉભા રહી શકતા ન હતા. જયારે પોલીસ સ્ટેશનના સ્ટાફે તેમને બહાર રાહ જોવાનુ કહ્યુ ત્યારે આશિષભાઈ પોતાની જ કાર ના બોનેટ પર બેઠા હતા. ભોગ બનનાર આશિષ કોસ્ટીએ જણાવ્યુ હતુ કે હું પોતે કંપનીનો માલીક છુ અને ૧૫ થી ૨૦ લોકો મારી નીચે કામ કરે છે, અમે કોઈ ગુન્હેગાર નથી કે અમારી સાથે આવુ વર્તન કરવામાં આવે, જયારે પીએસઆઈ સાહેબ મારપીટ કરવાના ઈરાદે નજીક આવ્યા ત્યારે મારે સુરક્ષા માટે વિડીયો ઉતારવો પડયો હતો.

આ આખી ઘટના અંગે આશિષભાઈએ અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટ ને લેખિતમાં ફરીયાદ કરી છે. જો કે આ મામલે એસપીએ પીએસઆઈનો બચાવ કરતા હોય તેમ જણાવ્યુ હતું. પોલીસ સ્ટેશનમાં આ રીતે ગાડી પર ન બેસવુ જોઈએ. હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું શારીરિક અક્ષમતા ધરાવતા નાગરીક સાથે લુખ્ખા જેવા શબ્દોનો ઉપયોગ કરવો એ પોલીસની નવી કાર્યશૈલી છે ?